સાલ : ૨૪ / સિલસિલાવાર નંબર : ૧૯૫ / શુમારો : ૩ બِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૪૮ / ઓક્ટોબર - નવેમ્બર ૨૦૨૬

# મૌ. ઈસા રૂહુલ્લાહ અને દુનિયા

રિવાયતમાં બયાન આવેલું છે કે, પાઁચમા નાતિક - નવી શરીઅત અને કિતાબને લાવનાર તેમજ ઊલુલ-અઝમના ચોથા નબી મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) આપના હવારીયૂન સાથે ફલિસ્તીન અને શામની ઝમીનમાં અલ્લાહતઆલાની દાઅવતે હક્કનો પયામ લઈને ગશ્ત કરતા હતા. આપના સફર દરમિયાન આપનો ગુઝર એક મોટી બાદશાહતના દરમિયાનથી થયો. આપ પૈગામે હક્ક લઈને બાદશાહના દરબારમાં પધારા, જેથી એ શખ્સ આપના પુરહિકમત કલામથી ખૂબ મુતઅસ્સિર થયો. આપને ભરા દરબારમાં ઈઝઝત બખ્શીને એક કુરસી પર બેસાડા.

કહ્યું કે, “અય સાહેબ ! આપના કલામ મને ખૂબ પસંદ આવા. આપની બયાની હક્ક બજાનિબ છે. આપે જે મુજબ આ દુનિયા અને તેના મુતઅલ્લિક જે હકીકતો બયાન કીધી તેનાથી મારા દિલ-દિમાગમાં એક નૂર દાખિલ થયું છે. મારા નઝરીયહમાં ફરક આવી ગયો છે. **મારા ફિક્રો ખયાલ તૌહીદે રબ્બાની તરફ માઇલ - મુશ્તાક થઇ રહ્યા છે.** ચલો આપ ! હું એક જગા પર લઈ જાઉં છું. તે જગા પર મારી નવી હવેલી બનેલી છે. આપ તેને તપાસી ને કહો કે, શું તે દુરૂસ્ત છે યા તેમાં કોઈ ઐબ રહી ગયો છે !! મૈં પૂરા શૌક અને દિલથી તેને તાઅમીર કરાવી છે.”

આપ નબી આપના હવારીયૂન સાથે ઉઠા અને એ બાદશાહની સવારી સાથે તે નવી હવેલીની જગા પર ગયા. આપે ખૂબ બારીકબીની અને ગહેરાઈથી તેનો મુશાહેદો કીધો. તેને પર હકીમાના નઝર કરીને કહ્યું કે, “અય બાદશાહ ! આપે હવેલી તો ખૂબ શાનદાર અને ઝીનતમઆબ બનાવેલી છે. **મગર હું તેમાં બે ઐબ જોઇ રહ્યો છું.** ગુસ્તાખી મુઆફ થાય ! મગર કોઈ બીજો આ ઐબને બયાન નહીં કરી શકે.”

બાદશાહે કહ્યું કે, “અય સાહેબ, તમને અમાન છે. શું છે તે બે ઐબ કે જેને મારી નઝર ના જોઈ શકી. અરે ! મારી બાદશાહતના મોટા-મોટા માહિરો, ફનકારો અને આલિમોની નઝરો પણ તેનાથી ચુક કરી ગઈ.” આપ નબીએ ફરમાવું કે, “અલ્લાહતઆલાની કિબરીયાઈના કસમ ખાઈને કહું છું કે, આ હવેલી આપના વાસ્તે ફક્ત હવેલી નથી મગર તે આફતનુમા ઘર છે અને બેકરારીનું ઠેકાણું છે. (૧) પહેલો ઐબ એ છે કે, આપ આ હવેલીમાં રહેવા આવશો અને આપની ઉમ્ર ઝિયાદહ લંબી થઈ, તો આ હવેલીના હર ગોશા અને જગાઓથી આપનો લગાવ ઝિયાદહ થઈ જાશે અને તેમાં ઔર ઝિયાદહ રહેવાના શૌકના સબબ આપ દુનિયાની રાહતોમાં ગુમ થઈ જાશો. આ હવેલી આપને તે હમેશા રહેવા વાસ્તેની હવેલીથી દૂર લઈ જાશે. **હમારા દીન મુજબ દુનિયાના તમામ મકાનો ફાની છે. મગર આખેરતનું મકાન બાકી છે.** લેહાઝા, હમેં કોઈ જગા પર ઠહેરવાનું પસંદ કરતા નથી. (૨) બીજો ઐબ આ હવેલીમાં એ છે કે, આપના સાથે અને આપના અહલો અયાલમાં હું એવા કોઈ શખ્સને જોતો નથી કે, જે આપના બાદ આપની ગૈરહાઝિરીમાં આ હવેલીની ઝૈબો ઝિનત અને આરાસ્તગીને બરાબર સંભાલે અને સાચવે. હર કોઈને યહાઁ પર મૌત છે. અલ્લાહતઆલા આપની ઉંમરને દરાઝગી બખ્શે, મગર એકના એક દિન તો આપનું યહાઁથી ગુઝરવાનું થાશે જ. આપ નહીં હોવ તો આ હવેલીની ખૂબસૂરતી અને જમાલ ખરાબ થઈ જાશે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**મારો ખુદા રાઝી હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

(પેજ નં. ૧ નું બાકી)

આ કલામે નબી સાંભલીને બાદશાહ અંદરથી ગમગીન થઇ ગયા અને કહેવા લાગા કે, "અય સાહેબ ! બિલકુલ, આ આપનો કૌલ હક્ક છે, સાચો છે, તેમાં કોઇ ઐબ નથી. મગર હવે મને ખબર પડી ગઇ કે આપ જેવા સાહેબના કલામ માં કેટલી હિકમત છે અને શાયદ કે, આ જ મુજબ બનશે." મૌ.ઇસા નબી સાથેની આ મુલાકાત બાદ બાદશાહનો તે હવેલી પરથી ઇલ્તેફાત ઘટી ગયો, દુનિયાની રાહતની ચીઝો વાસ્તે એનું દિલ કડવું થઇ ગયું અને સાથે-સાથે અલ્લાહતઆલાના દીન અને **નબીના નસીહતના કલામ તરફ એનો તવજ્જોહ ખૂબ વધી ગયો.** આખિરકાર, બાદશાહે એની નવી બનાવેલી હવેલી અને દુનિયાને મુકી દીધી અને સાદગીની ઝિંદગીને ઇખ્તિયાર કરી લીધી.

મૌ. ઇસા નબી ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ દુનિયાને હુકમ કીધો કે, "અય દુનિયા ! મૈં તુંને ખૂબસૂરત બનાવેલી છે. તુંને હાસિલ કરવા હર કોઇ દિન-રાત લગાવી દેશે. તું મારી પૈદાઇશો માંથી એક છે. જે શખ્સ મારી અને મારા નબીની ખિદમત કરે તો તું એની ખિદમત કરજે અને એના વાસ્તે ભલી બનજે. હવે, જે શખ્સ મને મુકીને તુંને હાસિલ કરવાનો ઇરાદો કરે, તો તારી રાહતોના સબબ એના મૌત પહેલા એને ખુશી મિલશે અને એના મૌત બાદ એ ગમગીન થાશે. થોડું હાસિલ કરવામાં હમેશાની નેઅમતો એ ગુમાવી બેસશે. **મારી ખિદમત કરનારને તારામાંથી થોડો હિસ્સો મિલી જ જાશે.** તારાથી ઝિયાદહની લાલચમાં એ મારી ખિદમતથી ગાફિલ થઇ જાશે. અય દુનિયા ! તું મારા દોસ્તો, મોહિબ્બો, ઇતાઅતગુઝારો, ખિદમતગુઝારો વાસ્તે કડવી બની જાજે, કેમકે તારી **મિઠાશના સબબ** લોગો હલાક થઇ જાશે. કડવાશ લોગોને પસંદ નથી આવતી, લેહાઝા તારાથી દૂરી જ મારા મોહિબ્બોને **હલાકત અને બરબાદીથી** બચાવી લેશે. ✮

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨ ઉમું સાલ છે. કારેઇનના ઇલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશ-મ-કશ ઇલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ૭ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઇલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) કયા નબીની મુલાકાત બાદ બાદશાહ નો હવેલી પરથી ઇલ્તેફાત ઘટી ગયો ?
(૨) કયા બાદશાહે પૂરા સાલના દિવસો ને બે હિસ્સામાં વહેંચી દીધા હતા ?
(૩) મૌલાના અલી (અ.સ.) ------- ખાનદાનની -------- શાખમાંથી છે.
(૪) કઇ અઝીમ શખ્સીયતની વફાતના વક્ત નબી સાહેબે પોતાના કમીસનું કફન પહેરાવું હતું ?
(૫) સખાવત બાદ ------- ની ઉમ્મીદ તેના સવાબમાં ઓછપ લાવી દે છે.
(૬) કઇ ચીઝથી ઇકરાર તે બંદાના ઇમાનનો ઝરૂરી હિસ્સો બને છે ?
(૭) મૌલાના કેઝાર બિન મૌલાના ઇસ્માઇલ (અ.સ.) ના કફીલ કૌન હતા ?

**જવાબો :** (૧) મૌલાના ઇસા (અ.સ.) (૨) નોઅમાન બિન મુન્ઝિર (૩) કુરૈશ / બનુ હાશીમ (૪) મૌલાતોના ફાતેમા બિન્તે અસદ (૫) સિફતો સના ની (૬) ઝબાનથી ઇકરાર (૭) મૌલાના લૂત (અ.સ.)

**મારા વાલેદૈનની ખિદમત જેમાં હોય, તે તકલીફની મને કોઇ પરવાહ નથી.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૨૧

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, "હરએક ખુશહાલ શખ્સ ખુદાનો મહેબૂબ કે અઝીઝ હોતો નથી અને હરએક ખસ્તાહાલ શખ્સ ખુદાનો મરદૂદ કે ઝલીલ હોતો નથી." ઝરૂરી નથી કે, ખુશહાલ દેખાતો શખ્સ ભલો કે નૈક જ હોય અને એ ગુનાહ જ ના કરતો હોય, તેથી એનો હાલ બહેતર દેખાય. યા કે, ખસ્તાહાલ ગરીબ દેખાતો શખ્સ બુરો કે ગુનાહગાર જ હોય અને એ કોઈ ભલાઈના કામો કરતો જ ના હોય, તેથી એનો હાલ બદતર દેખાય. આ તરહ સોચવું ગલતીથી ખાલી નથી.

ઘણી વાર ખુશહાલ શખ્સ ખોટીયો હોય છે, નકામો હોય છે, ગરઝપરસ્ત હોય છે, મતલબી હોય છે, એની દુનિયા એની ઝાત તક, એની દૌલત તક યા એના ઘર તક મહેદૂદ હોય છે. આના સિવાય એને કોઈ શુઊર કે અહેસાસ નથી હોતો કે, બીજા વાસ્તે એના ઉપર શું શું ઝિમ્મેદારીઓ છે. એને એટલી જ ખબર હોય છે કે, એ જે પણ કઈ કમાય છે, દૌલતને જમાઅ કરે છે, તેને કઈ તરહ વાપરવી, શું જમવાનું, શું પીવાનું, શું પહેરવાનું, ક્યાં ફિરવા જાવાનું, કઈ ચીઝ ઘરમાં નવી લાવવાની, કોને મહેમાન બનાવીને પોતાની નવી-નવી ચીઝોને બતાવવા ઘરમાં બોલાવવાના, વગૈરહ.

આ શખ્સ પૂરી ગફલતમાં છે. એ એની ખુશહાલીને ખુદા તરફથી રઝામંદી સમઝે છે. એના રવૈયા અને વહેવારને બરાબર અને મુનાસિબ માને છે. બીજા કરતા એનો હાલ બહેતર હોવાના સબબ એની ઈબાદતમાં ફરક આવી જાય છે, એ તૌબા-મગફેરતથી દૂર થાતો જાય છે. મગર હકીકત બિલકુલ જુદાગાના છે. એના વાસ્તે ખુદાતઆલાની બારગાહમાં ફેસલો થઈ ચુકો છે. એના વાસ્તે જહન્નમની આગમાં જલવું તય થઈ ચુકું છે. એની ખુશીની ફહેરિસ્તમાં ખુદના અહલ સિવાય બીજા કોઈનું નામ નથી, એની ખુશી વાસ્તે એની દૌલત મહેદૂદ છે. જે લોગો એના ઈર્દગિર્દ રહે છે, તેમની ખુશી વાસ્તે એના નઝદીક વક્ત નથી.

તો, એ શખ્સને સમઝી લેવું જોઈએ કે, એની ખુશહાલીનો વક્ત ઘણો જ કમ રહી ગયો છે. કોઈ શખ્સ તન્હા ખુશ કેમ રહી શકે ! આસપાસના લોગો ખુશ હોય તો ખુદની ખુશી ઈઝહાર કરવાનો મઝા આવે. ખુશહાલી મજમૂઈ હોય છે, ઈન્ફેરાદી નહીં. **ખુશહાલીની નેઅમતમાં બીજા હમનશીનોને શરીક કરવા તે ઇન્સાની અને ઇમાની તકાઝો છે.** જો આ નેઅમતને શુક્રનો લિબાસ પહેરાવવામાં આવે, ગુરૂરને મિટાવવામાં આવે અને બીજાનો ખયાલ રાખવામાં આવે તો તે કોઈ એક વક્ત વાસ્તે રહેતી નથી, મગર હર દિન તે નવી ઉમ્મીદ અને તાઝગી સાથે જન્મે છે.

આ તરહનો ખુશહાલ શખ્સ પછી ખુદાનો અઝીઝ અને મખ્સૂસ બંદો બની જાય છે. એને દુનિયાવી ગમ કે તકલીફ બરદાશ્ત કરવામાં કોઈ દિક્કત પૈશ આવતી નથી. એ આ તમામ **આઝમાઇશો અને ઇમ્તેહાનાતને** પોતાની ઝિંદગીનો હિસ્સો બનાવી લે છે. મગર શિકાયત કીધા બગૈર એ હર વક્ત ખુશહાલ રહેવાની કોશિશ કરે છે અને બીજાને વાસ્તે પણ એ મદદગાર બનીને આગલ આવે છે. આ તરહ ખુશહાલીનો નુસ્ખો ઈન્સાનને બીમારીઓથી દૂર રાખે છે અને ગમનો સામનો કરવાની તાકત અતા કરે છે. ☆

---

**અલ્લાહતઆલા તે બંદાને રહેમ કરે છે જે તેના રબથી ડરે, તેની ઝાતથી નસીહત લે, તેની તૌબાને આગલ કરે, તેની શેહવત પર ગાલિબ થાય. અગર તેને મૌત આવી ગઈ હોય, તેની ઉમ્મીદોએ તેને ધોકો દીધો હોય અને શયતાને તેના પર ગલબો કીધો હોય તો પણ અલ્લાહ તેના પર રહેમ કરશે.**

**હલાલની રોઝી વાસ્તે જે મહેનત લાગે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

# રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો

## કિસ્ત - ૨૮

### વફાદારીની ઝિક્ર

કિતાબોમાં મન્કૂલ છે કે, નોઅમાન બિન મુન્ઝિર એક અજીબો ગરીબ ખસલતો આદતનો બાદશાહ હતો. એં પૂરા સાલના જેટલા દિવસો હોય તેને બે હિસ્સામાં તકસીમ કરી દીધા હતા. એં પોતાની ઝાતમાં એમ મુકર્રર કરી દીધું હતું કે, એક દિવસ એ લોગો વાસ્તે કહેર-સઝા આપવાનો અને બીજો દિવસ નેઅમત-જઝા આપવાનો બનાવશે. જે કોઇ શખ્સ બાદશાહને કહેરના દિવસે મિલે, તો એના ઉપર કોઇ પણ ગુનાહનો ઈલ્ઝામ લગાવીને એને કત્લ કરતો હતો અને જે કોઇ એને નેઅમતના દિવસે મિલતો, તો એને ઘણા તોહફા-ભેટો આપીને નિહાલ કરી દેતો હતો.

હવે, એક મોહતાજ ખેડૂત જે ઘણો જ ખસ્તાહાલ થઇ ગયો હતો, ઘણો જ લાચાર થઇ ગયો હતો, રોઝી અને કામકાજની તલાશમાં એ ઘરેથી નિકલી પડો કે, એ લોગો બાઝારમાં જે નાસભાગ કરી રહ્યા હતા તેથી કશ-મ-કશમાં ફસાઇ ગયો. આ હંગામમાં નોઅમાન બાદશાહ જે ઊંચી હાથીની સવારી પર હતો, એની નઝર આ ખસ્તાહાલ ખેડૂત પર પડી અને ખાદિમોને કહીને એને નઝદીક બોલાવો. બાદશાહનો વઝીર પુકારી ઉઠો કે, **"આજે જહાઁ-પનાહ મારા માલિક વાસ્તે કહેરનો દિવસ છે."**

આ સાંભલીને એ ખેડૂતનું દિલ બેસી ગયું. ઘણો જ ગમનાક થઇને પોતે મૌતના કૂવામાં ધકેલાઇ ગયો છે, તે સોચીને દર્દનાક આવાઝમાં રોવા લાગો. આજે બાદશાહ એને કત્લ કરશે અને ઝમીન એનું ખૂન પીશે, તેનું એને યકીન થઇ ગયું. બાદશાહ નોઅમાનને નઝદીક બે હાથ જોડીને ઊભો થઇ ગયો અને અરઝ કીધી કે, "અય બાદશાહ સલામત ! ખુદા આપને ઈઝ્ઝતથી નવાઝે અને ઉમ્રદરાઝી બખ્શે ! હું મારા બૈરોને અને નાના-નાના બચ્ચાંને ઘરમાં ભુખા છોડીને આવો છું. તેઓ મારો ઈન્તેઝાર કરતા હશે. તેઓની મારામાં ઘણી ઉમ્મીદ છે. હું જ એક તેઓ વાસ્તે સહારો છું. હું માંગી-ટાંગીને તેઓ વાસ્તે કંઇક જમવાનું લઇ આવો છું. પણ મારી બદનસીબી છે કે, મારી આજે આપના સાથે મુલાકાત થઇ અને **આજનો દિવસ કહેરનો છે અને હું સઝા વાસ્તે આપનો શિકાર બનીને ઊભેલો છું."**

"અય બાદશાહ સલામત ! આપ તો જે ચાહો તે કરી શકો છો. મારા ઉપર રહેમ કરો, મારા બાલબચ્ચાંથી મને ઘણો પ્યાર છે. જો હું આ જમન લઇને ઘરે નહીં પહોંચું તો તેઓ હલાકતમાં મુકાઇ જાશે. આપ મને થોડી મોહલત આપો. હું સૂરજના ગુરૂબ થાવા પહેલા આપને નઝદીક હાઝિર થઇ જઇશ, પછી ચાહો તો આપ મને કત્લ કરી દેજો. હમણા આપ મને જે વક્ત આપશો તેમાં હું **મારા ઘરે જઇને મારા બચ્ચાંને ખોરાક આપી દઉં, તેમની આખિરી મુલાકાત કરી લઉં,** મારા કબીલામાંથી કોઇ ભલા શખ્સને મારા અહલો અયાલ બાબત વસીયત કરી દઉં કે, જેથી મારા બાદ તેઓ બરબાદ ના થાય. આ કામો કરીને હું પાછો આપને સામે પૈશ થઇશ અને મારો જાન આપને હવાલે કરી દઇશ."

નોઅમાન બાદશાહએ બેબસ ખેડૂત મરદની હકીકતને સાંભલી અને પોતાના બચ્ચાં ઉપર એનો લાડ-પ્યાર જોઇને અને તેઓ વાસ્તે ફિકરમંદી જોઇને બાદશાહને એના ઉપર રહેમ આવો, દયા આવી અને કહ્યું કે, "અય મરદ, મારા કલામને બરાબર સાંભલ ! આ મજમાઅમાંથી શું તારો કોઇ ઝામિન થાય કે, જો તું સૂરજ ગુરૂબ થાય તે પહેલા પાછો મારા નઝદીક ના રૂજૂઅ થયો, તો તારા બદલામાં હું એ ઝામિનને કત્લ કરી દઉં ! આ મારી વાત તુંને કબૂલ હોય તો હું તુંને તારી હાજિત વાસ્તે જાવા દઉં." ✯

**ઈલ્મ હાસિલ કરવાની રાહમાં જે વક્ત ગુઝરે, તે તકલીફની મને કોઇ પરવાહ નથી.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) વુઝૂ કરતે વક્ત પગોમાં ------- પહેરીને મસહ થાય નહીં. ખુલ્લા પગો સિવાય જે શખ્સ વુઝૂ કરે એને પહેલાથી વુઝૂને વાલવી પડે. (૨)

૨) યૌમે કેયામતનો ----- ઘણો જ હૌલનાક, વહેશતનાક અને દર્દનાક હશે, તેને બતાવવા વાસ્તે અલ્લાહતઆલા કુદરતી આફતોને ઝમીન પર નાઝિલ ફરમાવે છે. (૩)

૩) લખવું, દરજ કરવું, કલમબંદ કરવું, ------ કરવું. (૩)

૭) અલ્લાહતઆલાએ હર બંદા વાસ્તે એની રોઝીને તકસીમ કીધી છે, તેને તલબ કરવા વાસ્તે કોઇ ------ યા તદબીર ઝરૂરી છે. (૨)




**✵ આડી તરકીબ :**

૨) જે કામ ખુદાતઆલાની નઝરમાં ------ હોય અને તે કાબિલે સવાબ હોય, તો તેમાં બરકત થાવી લાઝિમી છે. (૩)

૪) હમને હમારી ઝાત પર ------ હોવો જોઈએ કે, હમારૂં કલ્ચર દુનિયાની જૂનીમાં જૂની ચાર સંસ્કૃતિઓ સાથે જોડાયેલું છે. (૨)

૫) ------ આવશે તો ગુનાહોંની મગફેરત વાસ્તે વક્ત નહીં મિલે. લેહાઝા, સેહતમંદીની હાલતમાં મુઆફી તલબ કરવી અક્લમંદી છે. (૨)

૬) અલ્લાહતઆલાની ઝાતે કુદસાની રહેમત કરનારી છે. તેનું નામ ------ છે, બંદો તેની ઈબાદત કરે યા ન કરે, તે એને પોતાની રહેમતથી દૂર કરતો નથી. (૩)

**લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઇલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.** ✫


## તિજારત

**HAATEMI COLLECTIONS**

**(AC STORE)**

All type of Ridas, Dress Materials & Readymade, Night Wears, Hand Bags & Purses, Saya-Kurta Materials & Readymade, Bohra Topi, Jazam Materials & Galicha, Gift Articles, Hajj and Umrah Ehram and all Accessories, Iddat all items, Specialist in all kind of Hadiya & Silat items.

Shop No.9, Taj Complex, Ajwa Road, Vadodara - 390019.

**Fatema B. Bhaisaheb**

**Ph.: 9408786281 / 9998666771** ✫

## તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**

25 Years of Proficiency in Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.

**Ph.: 09409156524** ✫


**મુમેનીન સિરાતે મુસ્તકીમ પર છે. એવો સિરાત કે જે એક મંઝિલથી બીજી મંઝિલ તરફ ઈલ્મો અમલના સબબ એક-એક કદમ કરીને દરજા ચઢાવે છે અને આખેરતની મંઝિલે મકસૂદ તરફ પહોંચાવે છે.**

**શયતાનને રૂસ્વા કરવામાં જે જેહાદ કરવી પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

# દીવાને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)
## કિસ્ત - ૨૮

**શેઅર : અના અખુલ મુસ્તફા લા શક્કા ફી નસબી, મઅહૂ રબીબો વ સિબ્તાહો હુમા વલદી.**

**તરજુમો :** હું કૌન છું કે, નબી મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના કાકાજીનો દીકરો છું, એમનો ભાઈ છું, મારા હસબ-નસબની ચોખ્ખાઈ અને ઘરાનામાં ઝર્રા બરાબર પણ શક નથી. નબી સાહેબને સાથે રહ્યો છું અને એમના હાથ પર મારી તરબીયત થઈ છે, મારૂં બચપણું ગુઝરેલું છે. હસન, હુસૈન જેવા એમના બે નવાસા, મારા ફરઝંદો થાય છે.

**શેઅર : જદ્દી વ જદ્દો રસૂલિલ્લાહે મુત્તહેદુન, વ ફાતેમુન ઝૌજતી લા કૌલા ઝી ફનદ.**

**તરજુમો :** મારા દાદા કે જે મૌ. અબ્દુલ મુત્તલિબ (અ.સ.) છે, તે જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના પણ દાદાજી થાય છે અને તેથી જ હમારા દાદા એક જ છે. મૌ. ફાતેમા અઝ-ઝહરા (અ.સ.) જેવા આલમના બૈરાઓના સરદાર, એ મારા ઝૌજહ થાય છે. આ સઘલો મારો કૌલ એવો નથી કે, તે પર કોઈ મને ઠુકરાવી શકે, ટાલી શકે, જૂઠો કહી શકે.

**ઉપર મઝકૂર બેવે શેઅરની તશ્રીહ :**

મૌ. અલી અમીરૂલ મુમેનીન સાહેબે ઝુલફિકાર (અ.સ.) ઉપર મઝકૂર શેઅરોમાં આપના હસબ-નસબ, ખાનદાની ફઝલ અને આઅલા રિશ્તેદારી ની ઝિક્રે ખૈર કરે છે. આપ કુરૈશી ખાનદાનના બનૂ હાશિમ શાખ માંથી છે. આ તે શાખ છે કે, જેઓને અલ્લાહતઆલા તરફથી મક્કા-મદીનાની સરદારી અને દીને હક્કની નિગેહબાની મિલેલી છે. દુનિયાવી સરદારી કરતા રૂહાની સરદારી ખૂબ આઅલા છે. **જિસ્માની હસબ-નસબ કરતા રૂહાની રાબેતો-રિશ્તો અતૂટ અને હમેશાનો છે.** દુનિયાવી ખાનદાની રિશ્તાઓ જિસ્મ સાથે ફના થઈ જાશે, મગર રૂહાની રિશ્તા બાકી રહેશે અને આખેરતમાં તે શરફ-ઈઝઝતનો સબબ બનશે.

આપ મૌલાની નઝરમાં રસૂલુલ્લાહ બાવાજી, આપના અહલુલ બૈત અને વફાદાર અસ્હાબ સાથેનો જે ઈમાની રિશ્તો હતો તે બીજા હંગામી-મતલબી રિશ્તાઓ કરતા ખૂબ જ બાફઝલ અને બાશરફ હતો. આપ જાણતા હતા કે ઘણા નઝદીકના લોગો, રિશ્તેદારો, કલેમો પઢનારા જેટલા ઝબાન પર મીઠા છે, તેટલા જ દિલના કડવા છે. તેઓ સીનાથી મુકાબિલ હોય છે, તો કેવા હોય છે અને પીઠ બતાવે છે, તો કેવા થઈ જાય છે. આપને માઅલૂમ હતું કે, ઝિયાદહથી ઝિયાદહ મઝર્રત અને નુકસાન દુનિયાવી રિશ્તાઓ ના સબબ જ થાય છે.

આપ ઈમાની, ઈલ્મી, રૂહાની, આખેરતી લેહાઝથી આપના ઘરના બહેતરીન રિશ્તાની ઝિક્રે ખૈર કરે છે. હું કૌન છું ? હું નબી સાહેબ સાથે જિસ્માની અને રૂહાની તૌરથી જોડાયેલો છું. આપ મારા આકા મૌલા છે, મારા મુરબ્બી છે, મારી પરવરિશ કરનાર છે, **મારા માથા પર આપે શફકતનો સાયો કીધો છે.** હું આપના ઘરાના માંથી છું, આપના દાદાજી સાહેબ અને મારા દાદાજી એક જ છે. આપનાથી જ મારી તાઅલીમ, તરબીયત, દરજો, ઈઝઝત અને પહેચાન છે. એમાં કોઈ શક નથી કે, અલ્લાહતઆલાએ જેટલું ખૈર મારામાં મુકેલું છે તે આપનાથી જ છે.

આપ નબી સાહેબના કરમથી મારૂં ઘર આબાદ છે. જે સાહેબહ આપના દિલને કરીબ છે, એ જ મારા ઘરના અઝીઝ છે. એ મોહતરમહ તો જહાનના બૈરાઓના સરદાર છે અને મારી આલ હસન અને હુસૈનના માઁ સાહેબહ છે. એ તો મારા મુમેનીનને જહન્નમની આગથી છોડાવનાર છે. **નબી સાહેબના એ બાઇસ્મત દીકરી છે,** મૌ. ફાતેમતુઝઝહરા (અ.સ.) છે. એ મારા ઝૌજહ મુતહહરહ છે. જો અગર બૈરો કોઈના સરદાર હોય તો શું એની ઔલાદ કોઈના સરદાર ના હોય ? ઝરૂર, મૌ. હસન અને મૌ. હુસૈન જન્નતના જવાનોના સરદાર છે. (બકીયહ પેજ નં. ૧૨ પર)

**વાઅદો આપીને ના-ચાહતા નિભાવવો પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## અપની ઝબાન – કિસ્ત - ૧૫

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઇ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઇ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઇ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઇ ગઇ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** ઠૂંટો, હુચકો-હુચક્કો, નકતો, તાવદાન, ઊન્દલ્લી.

**નવા અલ્ફાઝ :**

✷ **ચમ્મટ :** કડક, ઝિદ્દી, નાદાન

ઈસ્તેમાલ : આ બઉં જ ચમ્મટ છે, જાવા દો, કરવા દો એને જે કરવુંચ.

✷ **ફુતરી :** ખિચડીમાં પાણી ઓછું પડવું જેથી ચાવલ છુટા રહી જાય અને બરાબર લુકમો ના લેવાય.

ઈસ્તેમાલ : આજે હલામનીમાં પલીદું હલાવા પછી પન કોલીયામાં ચાવલ બંધાતા નથી, ચાવવું બઉં પડેચ, લાગેચ ખિચડી ફુતરી છે.

✷ **ખંજોલ :** ચામડી પર બેકરારી થાવી, ઈચિંગ થાવી, કોઇ જીવના કરડવાથી તે જગા પર વારંવાર આંગલીથી ઘસવું.

ઈસ્તેમાલ : જો ને ! ગાર્ડનમાં ઘાંસ પર ચાલા પછી કઇ અજીબ જ પગોમાં ખંજોલ છુટીચ.

✷ **રેકતાબાજી :** વરઘોડાને પહેલાનો દિન યા જમણ.

ઈસ્તેમાલ : મૌલાના ફરમાનસી આ વખત રેકતાબાજીમાં ફક્ત સગાંને બોલાવી થોડું જ જમન કરવાનુંચ.

✷ **ઓમ્માઁહ :** તઅજ્જુબખૈઝ જુમ્લો.

ઈસ્તેમાલ : ઓમ્માઁહ ! સું વાત કરેચ ! સવારે તો એને જોયા ને આ સું કહેચ, એટેક આવી ગયો ! ✫

**રિશ્તેદારો સાથે રિશ્તા સાચવવામાં ઝુકવું પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

**બીમારીમાં શિફા થાવા તક સબર કરવો પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

**કોઈથી કરઝ લઈને તેને અદા કરવામાં પોતાનો ખર્ચ કમ કરવો પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## મદીનતુલ મસાઈલ
## ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)

કિસ્ત - ૨

**(૮) આપના કાકાજી સાહેબ મૌ. અબૂ તાલિબ અને કાકીજી સાહેબા મૌ. ફાતેમા બિન્તે અસદનો એહતેરામ અને શુક્રગુઝારી નબી સાહેબે કઇ તરહ અદા કીધી ?**

જવાબ : નબી સાહેબના દાદાજી સાહેબ મૌ.અબ્દુલ મુત્તલિબ (અ.સ.) ની વસીયત મુતાબિક અને આપના ઈન્તેકાલ બાદ આપના કાકાજી સાહેબ મૌ.અબૂ તાલિબ અને કાકીજી સાહેબા મૌ.ફાતેમા બિન્તે અસદે (રિ.અ.) જે મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ના વાલેદૈન થાય, તેમને આપના માઁ-બાવાજી કરતા પણ ઝિયાદહ શફકત-મોહબ્બતને સાથે આપની તરબીયતો તાઅલીમ કીધી.

આપ નબી સાહેબ (સ.અ.વ.વ.) હમેશા આ બેવે સાહેબોના **શાકિર**-શુક્ર કરનાર, સિફતો સના કરનાર અને **ઝાકિર**-અહેસાનાતની ઝિક્ર કરનાર, મુશ્કિલાતમાં મદદ કરનાર, એમ બે ચીઝોથી, શુક્ર અને ઝિક્રથી નવાઝતા હતા. મુરબ્બીએ મુસ્તફા અને માદરે મુરતઝા માઁ ફાતેમા બિન્તે અસદ મુમેનહ, મુખ્લેસહ, આબેદહ, ઝાહેદહ હતા. નબી સાહેબ દીને ઈસ્લામના અરકાન લઈને પધારા તે વક્તથી જ મક્કામાં આપ ખુફીયહ-બાતિની તૌર પર નબી સાહેબના હાથ પર દીને ઈસ્લામથી મુશર્રફ થયા. મક્કાથી મદીના હિજરતની બરકત પણ હાસિલ કીધી અને મક્કા તેમજ મદીના બેવે જગાઓ પર **નબી સાહેબની ખિદમતથી ખાસ થયા અને મદીનામાં ગુઝરી ગયા.** નબી સાહેબે આપને વફાતના વક્ત પોતાના કમીસનું કફન પહેરાવું અને આપને જન્નતુલ બકીઅમાં પોતે ખોદેલી કબરમાં આરામ ફરમાઁ કીધા, સુવાડા જેથી કબરની તંગીથી આપને હિફાઝત હાસિલ થાય અને અઝાબે કબરથી કરારીયત મિલે.

જે વક્ત આપની કબરમાં આપને બહુકમે ખુદા ફરિશ્તાઓએ તફતીશે સવાલાત કીધા તો નબી સાહેબે આપને મદદ ફરમાવી. ત્યાં હાઝિર લોગોએ સાંભલું કે, નબી સાહેબ આપની કબરને નઝદીક બેસીને પહેલા ફરમાવી રહ્યા છે, **" ઇબ્નોકે, ઇબ્નોકે "** તે બાદ કહી રહ્યા છે, **" લા, લા "**, તે બાદ આખિરમાં બોલી રહ્યા છે, **" અલી, અલી "**.

આ બાબત આપ નબી સાહેબને આપના આ કલામ વાસ્તે સવાલ કરવામાં આવો કે, તો આપે વઝાહત કીધી કે, મારા કાકીજી સાહેબા ફાતેમા મારા મુશ્ફેકહ માઁ, મારા પર મરહમત કરનાર સાહેબાને જે વક્ત કબરમાં ફરિશ્તાઓએ પૂછું કે, તમારા રબ્બ કૌન છે ? ફાતેમા ફૌરન પુકારી ઉઠા કે, “મોહંમદના રબ્બ તે જ મારા રબ્બ છે.” સવાલ થયો કે, “અય ફાતેમા ! તમારા નબી કૌન છે ?” કહ્યું કે, **" મોહંમદ મારા નબી છે કે જેની મૈં દિલો જાનથી પરવરિશ કીધેલી છે. "** સવાલ થયો કે, નબી બાદ ઉમ્મતના માઁ કૌન છે યાઅની નમાઝના ઈમામ હોય છે ? જવાબમાં કહ્યું કે, “અય મલાએકત ! મને આનું ઈલ્મ નથી.”

તો, અય સવાલના કરનાર, “મેં કબરને બાહર બેસીને મારા કાકીજીને તેનો જવાબ આપવા વાસ્તે કહ્યું કે, “ઈબ્નોકે, ઈબ્નોકે” યાઅની “તમારા દિકરા, તમારા દિકરા”. ફાતેમાએ એમના દિકરા અકીલનું નામ લીધું, તો મૈં સહી કરીને બોલો કે, “અય ફાતેમા ! ના, અકીલ નથી, મગર કહો કે, મારા નબી બાદ તમારા દીકરા અલી ઉમ્મતના સરદાર છે.” આ તરહ મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ની વલાયત, વસાયત અન હક્કાનીયતના ઈકરારથી મૌ.ફાતેમા બિન્તે અસદ (અ.સ.) ની મુશ્કિલ કબરમાં આસાન થઈ ગઈ. ✯

---

**મારા જમણને જ મને મારી બીમારી વાસ્તે દવા બનાવવી હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

**લોગો વાસ્તે દરયાદિલી કરું અને હાસિદોની તાઅનાકશીથી મારું દિલ દુઃખે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## ખસાઈલે ફાતેમીયહ
### - ફાતેમી પાકીઝા ખસ્લતો -

મૌ.ફાતેમતુઝ ઝહરા (અ.સ.) ફરમાવે છે કે, "**હકીકી મુમેનીન ની ખસ્લતો બીજા લોગો કરતા બરતર-બાલા અને મુમ્તાઝ હોય છે.**" આ ખસ્લતોને અપનાવવી અને તેના ઉપર બરાબર યકીન સાથે અમલ કરવો એટલું આસાન હોતું નથી. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "**અલ્લાહતઆલા પર તવક્કુલ અને બંદાની નિય્યત કઇ તરહની છે તેના ઉપર હર ઇન્સાની ખસ્લતનો દારોમદાર હોય છે.**" બંદાની ખસ્લતથી એની ઝહેની અને અમલી પાકીઝગીનો અંદાઝો લગાવી શકાય છે.

ફાતેમી પાકીઝા ખસ્લતોમાંથી ચંદ ચીઝો આ ઉન્વાનના માતહત યહઁ બયાન કરવામાં આવે છે.

(૧) **સખાવત, દરીયાદિલી** : દૌલતનું હોવું નૈકબખ્તી નથી યા અચ્છાઈની નિશાની નથી. મગર તેને સહી ઈરાદાથી, સહી વક્ત પર, સહી જગા પર, સહી મિકદારમાં અને સહી શખ્સ વાસ્તે આપવી યા ખર્ચ કરવી તે સખાવત છે. અલ્લાહતઆલાની રઝામંદીનો તઅલ્લુક સખાવત સાથે છે. **સખાવત બાદ સિફતો સનાની ઉમ્મીદ તેના સવાબમાં ઓછપ લાવી દે છે.** યા એવા અહેસાન જતાવવાના કલામ બોલવા કે જેથી સામેવાલા શખ્સ કે જેના વાસ્તે સખાવત કરવામાં આવી હોય, એને બેઈઝઝતીનો અહેસાસ થાય અને એના દિલને ઠેસ પહોંચે, તો તે સખાવતના મકસદને નાકામ બનાવી દે છે.

(૨) **ઝબાનની સચ્ચાઇ, સદાકત, સિદકગોઇ** : ઝબાન બંદાના દિલના હાલાતની પહેચાન છે. ઝબાન-કલામ-ગુફતગૂથી બંદાના ઝહેનને પઢી શકાય છે અને એના વિચારોને જાણી શકાય છે. ઝબાનની રાહત સાચું બોલવામાં છે અને તેની આફત જૂઠ-કિઝબ બોલવામાં છે. **ઝબાનની મિઠાશ સચ્ચાઇમાં છે અને તેની કડવાશ જૂઠમાં છે.** સહી ઝબાન ઈઝઝત-તરક્કીની સીડી બને છે અને ગલત ઝબાન ઝિલ્લત-પસ્તીનો ખાડો બને છે. ઝબાનથી ઈકરાર તે બંદાના ઈમાનનો ઝરૂરી હિસ્સો છે. દિલ અને ઝબાન એક હશે તો બંદાના ચહેરા પર શરમ બરકરાર રહેશે.

(૩) **શુજાઅત, હિમ્મત, હોંસલો** : આ એક એવી ખસ્લત છે કે, બંદા ને હક્ક વાસ્તે લડવાની તાકત-કૂવત આપે છે. બાતિલ-શયતાન ગમે તેટલો તાકતવર હોય મગર જો બંદામાં શુજાઅત સાથે બાતિલને શિકસ્ત આપવાનો પાકો ઈરાદો હશે, તો એ ગમે તેવા હાલાતનો સામનો કરી શકશે અને તે વાસ્તે ગમે તેટલો વક્ત ગુઝરે એ ઝૌરાવરીથી, સાબિતકદમીથી બાતિલ-પરસ્તોનો મુકાબેલો કરી શકશે. આ શુજાઅત એને ઝાતી ઝિંદગી તેમજ તિજારતી, સમાજી, કૌટુંબિક મુઆમેલાતમાં ઘણો જ કિલીદી-ચાવીરૂપ કિરદાર અદા કરવામાં મદદ કરશે.

(૪) **વફાદારી** : વાઅદા-વફાઇ અને ભરોસા પર ઝિંદગીની ઈમારતની મઝબૂતી છે. દુનિયાની રવિશનો હર વહેવાર આના ઉપર નિર્ભર છે. ઝબાનની સચ્ચાઇ અને વહેવારની સફાઇ સાથે કોઇને હર હાલમાં સાથ આપવો અને એની મદદ વાસ્તે ખભે-ખભા મિલાવીને ખડે પગે ઊભા રહેવું, એ વફાદારી છે. ઈમાનનું બીજું નામ જ વફાદારી છે. **સાહેબે હક્ક પોતાના ઇમાનદારોને વફાદારીથી પારખી લે છે.** સાચા લોગો બીજા હઝારોમાંથી ઉભરી આવે છે. જેમાં વફાદારી હોતી નથી તે મકરબાઝી અને ધોકેબાઝી પર ઉતરી આવે છે. ઝબાન પર મિઠાશ અને મોહબ્બતની વાતો હોય છે, મગર દિલ હથિયાર અને ઝહેરથી ભરેલું હોય છે. એવા લોગો બીજાને નહીં મગર ખુદને ધોકો આપે છે.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**બીજાની મદદ કરવામાં ખુશી મિલતી હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## નઝમે ફાતેમતુઝ ઝહરા (અ.સ.)

પઢો ફાતેમાના ઉપર સલવાત,
અને લો ખુદાની ઘણી બરકાત.
કે જેના રસૂલે ખુદા છે પિદર,
મોહંમદ નબી સરવરે કાએનાત.
ને શૌહર છે જેના અલી મુરતઝા,
કે જે નામથી હલ થઈ મુશ્કેલાત.
વો જન્નતના તુફ્ફાહ અને નૂરથી,
યે મૌલાતોના ફાતેમાની છે ઝાત.
હતી પંજતને પાકની જે કે ચાદર,
હતા ફાતેમા ભી યે ચાદરના સાથ.
ખુદાના મકામો અઈમ્મત મિસિલ,
છે યે મૌલાતોના ફાતેમાની સિફાત.
થયા સઘલા બૈરોના જે સૈયેદાત,
યે સઘલાના જન્નતમાં છે સૈયેદાત.
કેયામત તક એની નસલમાં છે સાબિત,
ઈમામો બનું ફાતેમા સાત-સાત.
જ ફાતિરથી મુશ્તક્કહ યે ફાતેમા,
છે કુદસીયત યે ફાતેમાની સિમાત.
છે જે મૌલાતોના ફાતેમાની તસ્બીહ,
કરા કર જો અય મુમેનીં મુમેનાત.
મોહંમદ, અલી, ફાતેમા, હસનૈન,
છે એની તમારી તરફ નઝરાત.
યે ફાતેમા ઝહરાના આંગણમાં આવી,
ફરિશ્તાઓ કરતા સદા ખિદમાત.
થે બીબી ખુદાથી મુનાજાત માં,
તમારી શફાઅતની કરતા થા વાત.
તમારી શફાઅત યે ફાતેમા કરસે,
કેયામતના દિન અને બાઅદલ મમાત.
નિસારો યે ફાતેમા માઁ સાહેબા પર,
તમારા જે અમ્વાલ છે ને ઝવાત.
ખુદા એની હુરમતથી બહેતર બનાવે,
તમારા દિલોંની જે હોય હાજાત.
અને એના સચ્ચા ગુલામોં બને,
હોય ફરઝંદોને દુખ્તરો ખુશ સિફાત.
કરામત છે ઝાહિર યે ફાતેમાની,
અને રૂનુમા છે સદા મુઅજિઝાત.
હમારી મુરાદોને પરવાઝ બખશો,
અય ફાતેમા જારી કરી રહેમાત.
અય ફાતેમા મૌલાતોના રબ્બના પાસે,
શફાઅતથી બખશાવો કુલ સૈયેઆત.
બનું ફાતેમાની જે દાઅવત છે તેને,
સતમાં ચલાવે છે એના દોઆત.
દોઆતો કે જે ફાતેમીયીન છે,
યે સબની મોહબ્બતથી થાસે નજાત.
આ ફાતેમી દાઈની હઝરતમાં જઈને,
આ ઝાકિર બજાવે છે સો સજદાત. ✩

(પેજ નં. ૯ નું બાકી)

**(૫) ઇબાદત :** ઈબાદત મુમિનના ચહેરાનું નૂર છે, કેમકે, તેમાં નમાઝનો એક એવો બેનઝીર પહેલૂં છે કે, જે દીને હક્કના જિસ્મના ચહેરાનું કામ કરે છે. જિસ્મ હોય ને તેનો ચહેરો જ ના હોય તો તે નાકિસ બની જાય છે, તે જ તરહ ઈબાદત બગૈર દીનનો હાલ થાય છે. બંદાના જિસ્મો જાન હર તરહથી ઈબાદત કરે છે. ઈલ્મની ઈબાદત સાથે અમલની ઈબાદત જોડાઈ તો જ અક્લો જાન બરાબર પાકીઝા અને પાક થાય છે. ઈલ્મ બગૈરનો અમલ અને અમલ બગૈરનું ઈલ્મ ઝાયેઅ અને બેમાઅના બની જાય છે, તે જ મુજબ ઈબાદતનો રિશ્તો દીન સાથે છે. નૈક બંદો રોઝ-દિનરાત એવા કામો કરે છે, ભલાઈ કરે છે કે જે ઈબાદતથી કમ હોતા નથી. મુમિનની પૂરી ઝિંદગી જ ઈબાદતમાં શુમાર કરી શકાય છે. ✩

**ઔલાદની તરબીયત જો ખૈર પર થાતી હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## દરસે લિસાનુદ્દાઅવત
### તઝકીયત - પાકીઝગી

## تزکیت۔پاکیزگي

بني اسرائيل ني قوم نے گھمنڈ۔ تکبري هتي که ، همیں مولانا ابراهيم خليل الله ني ملت پر چھے ، آپني امة ماسي چھے ، آپني اولاد چھے انے همارا ج خاندان ما نبوة هميشه هميشه رهسے۔ تو ، الله تعالى فرماوے چھے که ، تمیں تماري ذات پر تکبري نه کرو۔ نبوة تو مولانا اسحاق ني اولاد ما سي نکلي نے مولانا اسماعيل ني اولاد ما نقل تھئي چھے۔ آخر زمان ما محمد رسول الله صلعم مولانا اسماعيل ني اولاد ما سي چھے۔ نبي صاحب یه لوگو ما الله ني کتاب ني تلاوت کيدی۔ ته کتاب ني تعليم آپي انے حکمت تھي لوگو نے رشد وهدايت آپي انے آ طرح لوگو نے صاف۔ ستھرا کيدا ، تزکيت بخشي۔

آپ نبي صاحب "مبلغ اعظم" چھے ، يعني الله تعالى نا پيغامات نے اعلى ما اعلى طور پر نشر کرنار ، آپنا دعاة نا ذريعه جهان نا هر گوشه ما پهنچارنار چھے۔ آپ معلم اعظم چھے ، يعني عام لوگو جه جاهل انے لاعلم چھے تيو نے راه حق پر چلاووا واسطے بني صاحب تعليم آپے انے تيو نا دل ني سخت زمين نے علم نا پاني سي تر کرے۔

آپ نبي صاحب مرشد اعظم چھے ، يعني اعلى ما اعلى هادي ، کيم که تمام انبياء ني هدايتو آپ ما جمع تھئي چھے۔ اگلي آسماني کتابو انے صحيفاؤ ما لوگو واسطے جه کئي اچھائي ، نيکي انے بهتري ني نشانيوا نے آيتو آويلي چھے ، تھنے مجموعي طور پر قرآن کريم ما پيش کروا ما آوي چھے۔ آ قرآن نے بولاونار ، نطق آپنارا نے گويائي بخشنار نبي صاحب چھے۔ قرآني هدايتو نو نچوڑ آپنا اقوال انے آپنا اعمال ما ظاهر تھائي چھے۔ آپني هدايت جه جهانوالاؤ نا هر مرض واسطے شفاء انے عافية چھے۔

آپ نبي صاحب "مصلح اعظم" چھے ، يعني اعلى ما اعلى اصلاح کرنار۔ جه چيز خراب هوئي يا بگڑي جائي تو ته ني اصلاح تھائي يا درست تھائي۔ نبي صاحب آ جهان ما پدھارا ته وقت ذاتي ، ذهني ، عقلي ، سماجي ، مذهبي ، تجارتي ، حالات بگڑيلا هتا۔ آپنا آووانو انتظار هتو که ، جه تھي آپني ذات مبارك تھي آپ تھاں اصلاح فرماوے۔ آ تمام امور نے برابر کرے ، استوار کرے۔ آپ باخوبي جانتا هتا که ، سوں چيز صحيح چھے انے سوں چيز غلط چھے!!! کئي چيز تهني اصلي حالت ما نتھي انے ته واسطے سوں سوں درکار چھے ، جه تھي ته نے سدھاري سکائي۔ آ ني ذمه داري آپنا ماتھا پر هتي۔ آپ نبي صاحب یه الله تعالى ني تائيد سي حتى المقدور اصلاح کرواني پوري کوشش کيدي۔

### તઝકીયત - પાકીઝગી

બની ઈસ્રાઈલની કૌમને ઘમંડ-તકબ્બુરી હતી કે, હમેં મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહની મિલ્લત પર છે, આપની ઉમ્મતમાંથી છે, આપની ઔલાદ છે અને હમારા જ ખાનદાનમાં નુબૂવત હમેશા-હમેશા રહેશે. તો, અલ્લાહતઆલા (બકીયહ પેજ નં. ૧૫ પર)

**મસ્જિદમાં નમાઝને પૂરી પઢવામાં વક્ત થોડો ઝિયાદહ થાતો હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

(પેજ નં. ૬ નું બાકી)

અલ્લાહતઆલા એનાથી જ ખુશ થાશે કે, જેનાથી અહલુલ બૈત (અ.સ.) ખુશ થયા હોય.

આ વાતમાં કોઈ શક નથી કે, બનૂ હાશિમનું ઘરાનું બીજી તમામ આલ-ઝુર્રીયત કરતા આઅલા-અફઝલ છે. નબી સાહેબ અને હું આ ઘરાનાના નગીના છે. નબી સાહેબના દૌરની ઈમામતની ઈબ્તેદા અને તેની ઈન્તેહા આ જ ઘરાનામાં છે. કિતાબ અને હિકમતની દૌલત આ આલના સાહેબોને મિલેલી છે. એ વાત જુદી છે કે, તેઓ માંથી હર કોઈને દુનિયાવી સલ્તનત નથી મિલી, તખ્તો તાજ નથી મિલો, રિયાસત અને હુકૂમત નથી મિલી. મગર **અલ્લાહતઆલાના ફઝલો કરમથી દીને હક્કનું મુલ્કે અઝીમ ઝરૂર મિલેલું છે.** આ મુલ્કે અઝીમની સલ્તનત કાઈમી-દાઈમી છે, પૂરી દુનિયાના લોગોને ઘેરી લે છે. જે કોઈ આ મુલ્કે અઝીમની દાઅવતને લબ્બૈક કહીને તેમાં શામિલ થઈ ગયો, એ શખ્સ હમારા માંથી થઈ ગયો. જે કોઈએ આ દાઅવતનો જવાબ ના આપો એ તમામ હમારા ગૈર માંથી થઈ ગયા અને અઝાબે હક્કના મુસ્તહિક્ક બની ગયા. ✯

## નમાઝ

અલ્લાહ મુઝ મલૂલ કી મકબૂલ કર નમાઝ,
રોઝે હશર બનેગી યે અપની સિપર નમાઝ.

અશરહ કી સુબ્હ શેહને યે સજ્જાદ સે કહા,
યે આખિરી ઈમામ કે તું સાથ પઢ નમાઝ.

જિસ દિલ મેં હુબ્બે હયદરો સફદર અગર ન હો,
મત પઢના ઉસ જનાઝએ નાપાક પર નમાઝ.

હોગી કદમ મેં બેડીયાઁ, ગરદન મેં હોગા તૌક,
લેકીન કઝા ન કરના તું નૂરે નઝર નમાઝ.

તકબીર સાથ જબ અલીઅકબર ને દી અઝાન,
સારે નમાઝી પઢને લગે બેખતર નમાઝ.

તકબીર કે સિવા ન થા વિર્દ હલકે શાહ પર,
નૌકે સિના પે પઢતા રહા શેહ કા સર નમાઝ.

લાશે અખી પે ઝયનબે મુઝતર યે કહેતી થી,
કોઈ નમાઝ પઢતા નહીં આનકર નમાઝ.

ઐસે નમાઝી કા કિયા સજદે મેં સર કલમ,
જો થે ઈમામ ઔર પઢાતેં થે હર નમાઝ.

મગરિબ હો યા હો ઝોહર કહીં, વક્તે ફજર હો,
પઢતે થે અહલે બૈતે નબી દર-બ-દર નમાઝ.

ઝિન્દાઁ મેં વો અંધેરા થા સજ્જાદ કહતેં થે,
ઉસ દમ પઢે યે બેકસો મુઝતર કિધર નમાઝ.

કિતના બડા હુસૈન કા અહેસાન હમ પે હે,
પઢતેં હૈં કરબલા મેં જો શામો સહર નમાઝ. ✯

**ચંદ કલામ બોલવાથી જો બીજાનું કામ બહેતર થાતું હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૧૪

મૌ. ઈસા રૂહુલ્લાહની ઝિક્ર કરીએ તો આપ કમસિની-બચપણામાં જ માલિકે નુબૂવત હતા. અલ્લાહતઆલાએ આપથી ઝૂલામાં જ મુકાલેમો કીધો, વહ્ય ફરમાવી અને આપનો દરજો કઇ તરહ બલંદ કીધો છે તેની નિશાનીઓ ઝાહિર થઇ ગઇ. આપનું બચપણું આપના નુબૂવતના દરજાને રોકી ના શકું. તીસરા ઈમામ મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) કરબલાએ મુઅલ્લાના દર્દનાક વાકેઆના વક્ત હાઝિર હતા. આપના બાવાજી સાહેબ સૈયેદુશ શોહદા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) એ જામે શહાદત પીતા પહેલા આપને નસ્સનો તાજ પહેરાવો અને આપના બાદ ઈમામે હક્ક તરીકે મુકર્રર કીધા. આ તરહ મૈદાને જંગ અને વક્તે જેહાદમાં પણ ઈમામતનો અમર રૂકો નહીં.

૨૧માં ઈમામ મૌ. અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) ની આ જહાનમાં પૈદાઈશના વક્ત પર જ આપના બાવાજી સાહેબ મૌ.ઈમામ આમિર અલ મન્સૂર (અ.સ.) એ અહલે દાઅવતમાં, અસ્હાબે ઝુમ્રામાં અને ખાસો આમ મુમેનીનમાં ઈફશા અને ઝાહિર કરી દીધું હતું કે, “મારા વારિસ, મસ્નદે હક્કના નૂર અને ઈમામતના સરતાજ દુનિયામાં પધારી ચુકા છે. મારા બાદ આ મારા ફરઝંદ મૌ.અત્તૈયેબ ઈમામ છે. એની મવદ્દત અને ઉલ્ફત મારી મવદ્દત અને ઉલ્ફત છે. **એની માઅરેફત તે મારી માઅરેફત છે અને મારી માઅરેફત તે હબ્લુલ્લાહિલ મતીન તરફ જાવાની સીડી છે.** મારી દાઅવત આ મારા ફરઝંદની દાઅવત સાથે મુત્તસિલ છે. હવેથી મારા દોઆત અને ખુદ્દામ જહાનના લોગોને દાઅવતે તૈયેબીયહથી હક્ક તરફ દાઅવત દેશે.” આ કલામે આમિરીથી સાબિત થાય છે કે, અમરે ઈમામતમાં ઉંમરનો કોઇ તકાઝો હોતો નથી. મૌ.ઈમામ અત્તૈયેબ (અ.સ.) ૨ સાલની ઉંમર-સિન્નના હતા, જે વક્ત આપના બાવાજી સાહેબની શહાદતે પુરદર્દ ૫૨૬ હિ.માં મિસિરમાં વાકેઅ થઈ.

અગર સાહેબે અમર જે ઈમામ હોય અને જેના ઉપર નસ્સ થઈ હોય, એ કમસિન બચ્ચા હોય તો નસ્સ કરનાર સાહેબ એના વાસ્તે એક મોઅતમદ-ભરોસાપાત્ર કફીલ-કફાલત કરનાર સાહેબ મુકર્રર કરે છે, કાઈમ કરે છે. મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહ બિન મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના દીકરા મૌ. કૈઝાર કમસિન હતા, જે વક્ત આપના બાવાજી મૌ. ઈસ્માઈલ ઈન્તેકાલ ફરમાવી ગયા. આપે આપની રહેલત પહેલા આપના ઉપર નસ્સે જલી ફરમાવી અને મૌ. લૂત નબીને આપના કફીલ મુકર્રર કીધા. મૌ. લૂત નબીએ **ઇબ્રાહીમી સુન્નતો ને જારી કીધી** અને લોગોને મૌ. કૈઝાર તરફ દાઅવત કીધી. આપે મૌ.કૈઝારની તાઅલીમો તરબીયત આઅલા પૈમાનાથી કીધી, એમની હિફાઝત કીધી, હર ઈલ્મો ફનમાં માહિર બનાવા અને ઈમામતના અમરને ઉચકવા વાસ્તે તૈયાર કીધા. આપ જાણતા હતા કે, મૌ. કૈઝારની આલમાં ઈમામતની બરકત કાઈમ રહેશે.

આ તરહનો હૂબહૂ માજરો મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં ગુઝરો. આપના વસીએ આઅલા મૌ. હારૂન આપની હયાતીમાં જ ઈન્તેકાલ કરી ગયા અને એમના દીકરા મૌ. ફિન્હાસ મૌજૂદ હતા. જે વક્ત ઈન્તેકાલ થયો તો મૌ. ફિન્હાસ કમસિન હતા, નાના બચ્ચા હતા. મગર એની ઉંમર એના ઉપર આવનાર અમરે ઈમામતને રોકી ના શકી. ઈન્તેકાલ પહેલા મૌ. હારૂને એમના દીકરા મૌ. ફિન્હાસ પર નસ્સ ફરમાવી અને એના કફીલ-પરવરિશ કરનાર સાહેબ મૌ. યૂશઅને મુકર્રર કીધા. મૌ. મૂસા કલીમુલ્લાહ સાથે મૌ. યૂશઅ એ મૌ. ફિન્હાસની ખૂબ તાકીદ અને તસ્દીઅ લઈને પરવરિશ કીધી. જાદૂગરો, નુજૂમીઓ અને કાહિનોથી એને બચાવા અને અલ્લાહતઆલાએ **તૌરત કિતાબમાં જે ફરમાનો અને એહકામ** નાઝિલ ફરમાવા હતા, તે તમામની તાઅલીમથી મૌ. ફિન્હાસને પુખ્તા બનાવા. કાફિર બાદશાહોથી સામનો કરવા વાસ્તે જંગો જિદાલ અને જેહાદનું હર ફન શિખાવું અને હિકમતો કલમના ઝૈવરથી પણ

**થોડા દિવસ ઉંઘને છોડીને જો ફજરની નમાઝની પાબંદી થાતી હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

# જાહિલીયતના સખી લોગો
## હાતિમ તાઈ
### કિસ્ત - ૪

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દસ્તે મુબારક પર હાતિમ તાઈની દીકરી સફ્ફાનહ અને દીકરો અદી બેવે દાએરએ ઈસ્લામમાં દાખિલ થયા અને દીને હક્કની બરકતથી એમના દિલોને ઝિંદા કીધા. આ બેવે ભાઈ-બહેન ની ઝિક્ર ગયા શુમારાઓમાં થઈ ચુકી છે. આ સફ્ફાનહ એના બાવાજી હાતિમ તાઈની સીરત પર હતી. મુલ્કે અરબમાં જેટલી સખાવત બૈરાઓ તરફથી થાતી હતી, તેઓમાં સફ્ફાનહનું નામ સરે ફહેરિસ્ત રહેતું હતું. સખાવતમાં એના મુકાબિલ બીજાઓ ફીકા પડી જાતા હતા.

હાતિમ તાઈના એના ઉપર ચાર હાથ હતા. સફફાનહ તરફ એની લતાફત અને કરમની નઝર હતી. એક વક્ત હાતિમ તાઈએ અરબી નસલના ઊંટોની કતાર દીકરીને હદીયાના તૌર પર અતા કીધી. સફ્ફાનહએ શુક્રીયો અદા કીધો અને કહ્યું કે, "અય બાવાજી ! આપનું દિલ રાખવા હું એક ઊંટ રાખી લઉં છું. બીજાની મને ઝરૂરત નથી. મગર મારા નઝદીક એવા કાફલા વાલા પણ આવે છે કે, જેઓને પોતાના સામાન વાસ્તે ઊંટોની અશદ ઝરૂરત પૈશ આવે છે. તો હું એવા ઝરૂરતમંદ મુસાફિરોને આપના ઊંટ હદીયામાં આપવા ચાહું છું." હાતિમ તાઈએ કહ્યું કે, "**તમેં જેમાં ખુશ તેમાં હું ખુશ. જેને ચાહો અને જેમ ચાહો તે મુજબ તમેં મદદ કરી શકો છો. તમારો ખુદા તમને સલામત રાખે.**"

મગર એક એવો વાકેઓ ગુઝરો કે, હાતિમ તાઈએ એક દિન એના દીકરી સફ્ફાનહને કીમતીમાં કીમતી જવાહિરાત અને ખૂબ-ખૂબ માલ અતા કીધો અને કહ્યું કે, "અય મારા દીકરી ! તમેં આ મારી ચીઝોને બરાબર સાચવજો અને કોઈ ગૈરને આપતા પહેલા વિચાર કરજો." સફ્ફાનહની આદતે કરીમહ એવી હતી કે, એ પોતાને સખાવત કરવા તરફ રોકી શકતી ન્હોતી અને જે કીમતી ચીઝો એને પોતાના બાવાજી તરફથી મિલી હતી તેમાંથી ઘણી ચીઝો એં સખાવત કરી દીધી અને લોગો આ તરહ સફ્ફાનહની દરિયાદિલીના સબબ માલામાલ થઈ ગયા.

જે વક્ત આ ખબર હાતિમ તાઈને થઈ તો એ સફ્ફાનહને બોલાવી અને તન્બીહ કીધી કે, "અય મારી નૂરે નઝર ! જે વક્ત માલ-દૌલત-સરવત-મિલકીયતમાં બે જણા સખાવત કરનાર ભેગા થાય છે, તો માલનો ઠહેરાવ રહેતો નથી અને તે જલ્દી હાથમાંથી નિકલી જાય છે. યાઅની, મારો આ મુજબ કહેવાનો મન્શા એ છે કે, અપને બેવે એક જ છે. હું સખાવત કરૂં યા તમેં કરો. મારી સખાવતથી લોગોને જે ફૈઝ પહોંચે છે તેમાં તમેં પણ શામિલ જ છો. એવું હરગિઝ ના થાવું જોઈએ કે, **સખાવતનો મુસ્તહિક્ક, મોહતાજ રહી જાય અને ગૈર-મુસ્તહિક્ક, માલને હડપીને બેસી જાય.**"

આ કલામ પર સફ્ફાનહ પોતાના બાવાજીને જવાબ આપે છે કે, "અય મોહતરમ બાવાજી ! આ સખાવત તો ફક્ત એક ચીઝ છે. હું આપનાથી "મુકારેમુલ અખ્લાક" યાઅની બહેતરીન આદતો અને સઆદતમંદ ખસલતો શીખી છું. જે સખાવત પર હું આજે છું તે આપના ફઝલો ઈનાયતથી જ છે. લોગોમાં મારી ઈઝઝત આપનાથી જ છે. જો આપ મને આ તરહની તરબીયત ના દેત તો મારી શું હસ્તી કે હું એક દિરહમની પણ સખાવત કરી શકેત. અય બાવાજી ! આપ મને સખાવત કરવાથી ના રોકો. સખાવત કરવાથી અલ્લાહતઆલા ઔર ઝિયાદહ માલ અતા કરશે. આપ જ કહો છો કે, આપના પાસે પહેલા કઈ ન્હોતું. પછી અલ્લાહતઆલાએ જે વક્ત આપને અતા કીધું તો આપે તેને બીજાને આપવામાં કોઈ કસર ના છોડી, કેમકે, આપ જાણતા હતા કે, જે કઈ કરવું જોઈએ જે દુનિયા છોડતી વક્ત સાથે ના રહેવાનું હોય. અય બાવાજી ! આ તો અલ્લાહતઆલાની રહેમત અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હિદાયત છે કે, હું મારા હાથથી સખાવત-ખૈરાતના કામો કરી શકું છું. આપ મારા વાસ્તે દોઆ કરો." ✩

**કઝા થયેલી નમાઝને રાતે ઘર પહોંચીને પઢવામાં આવતી હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

(પેજ નં. ૧૧ નું બાકી)

ફરમાવે છે કે, તમેં તમારી ઝાત પર તકબ્બુરી ના કરો. નુબૂવત તો મૌ.ઈસ્હાકની ઔલાદમાંથી નિકલીને મૌ.ઈસ્માઈલની ઔલાદમાં નકલ થઈ છે. આખિર ઝમાનમાં મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મૌ.ઈસ્માઈલની ઔલાદ માંથી છે. નબી સાહેબે લોગોમાં અલ્લાહની કિતાબની તિલાવત કીદી. તે કિતાબની તાઅલીમ આપી અને હિકમતથી લોગોને રૂશ્દો હિદાયત આપી અને આ તરહ સઘલાને સાફ-સુથરા કીદા, તઝકીયત બખ્શી.

આપ નબી સાહેબ "**મુબલ્લિગે આઅઝમ**" છે, યાઅની અલ્લાહતઆલાના પૈગામાતને આઅલામાં આઅલા તૌર પર નશર કરનાર, તબ્લીગ કરનાર, આપના દોઆતના ઝરીએ જહાનના હર ગોશામાં પહોંચાડનાર છે. આપ "મુઅલ્લિમે આઅઝમ" છે, યાઅની આમ લોગો જ જાહિલ અને લાઈલ્મ છે. તેઓને રાહે હક્ક પર ચલાવવા વાસ્તે નબી સાહેબ તેઓને તાઅલીમ ના આપે અને તેઓના દિલની સખ્ત ઝમીનને ઈલ્મના પાનીથી તર કરે.

આપ નબી સાહેબ "**મુરશિદે આઅઝમ**" છે, યાઅની આઅલામાં આઅલા હાદી, કેમકે, તમામ અંબિયાની હિદાયતો આપમાં જમાઅ થઈ છે. આગલી આસ્માની કિતાબો અને સહીફાઓમાં લોગો વાસ્તે જે કઈ અચ્છાઈ, નૈકી અને બહેતરીની નિશાનીઓ અને આયતો આવેલી છે, તેને મજમૂઈ તૌર પર કુરઆને કરીમમાં પૈશ કરવમાં આવી છે. આ કુરઆનને બોલાવનાર, નુત્ક આપનાર અને ગોયાઈ બખ્શનાર નબી સાહેબ છે. કુરઆની હિદાયતોનો નિચોડ આપના અકવાલ અને આપના આઅમાલમાં ઝાહિર થાય છે. આપની હિદાયત તે જહાનવાલાઓના હર મરઝ વાસ્તે શિફા અને આફીયત છે.

આપ નબી સાહેબ "**મુસ્લિહે આઅઝમ**" છે, યાઅની આઅલામાં આઅલા ઈસ્લાહ કરનાર. જે ચીઝ ખરાબ હોય યા બિગડી જાય તો જ તેની ઈસ્લાહ થાય યા દુરૂસ્ત થાય. નબી સાહેબ આ જહાનમાં પધારા તે વક્ત ઝાતી, ઝહેની, અક્લી, સમાજી, મઝહબી, તિજારતી હાલાત બિગડેલા હતા. આપના આવવવાનો ઈન્તેઝાર હતો કે, જેથી આપની ઝાતે મુબારકથી આપ તેમાં ઈસ્લાહ ફરમાવે. આ તમામ ઊમૂરને બરાબર કરે, ઉસ્તુવાર કરે. આપ બાખૂબી જાણતા હતા કે, શું ચીઝ સહીહ છે અને શું ચીઝ ગલત છે !! કઈ ચીઝ તેની અસલી હાલતમાં નથી અને તે વાસ્તે શું શું દરકાર છે કે, જેથી તેને સુધારી શકાય. આની ઝિમ્મેદારી આપના માથા પર હતી. આપ નબી સાહેબે અલ્લાહતઆલાની તાઈદથી હત્તલ મકદૂર ઈસ્લાહ કરવાની પૂરી કોશિશ કીધી.

**મુશ્કિલ અલ્ફાઝ :**

મિલ્લત : નબીને માનનાર લોગો.

હિકમત : સહીહ વક્ત પર સહી ઈલ્મ અને અમલ

નશર : ફેલાવવું

અકવાલ : કલામો

દરકાર : લાઝિમ હોય તે

હત્તલ મકદૂર : જહાઁ તક બને વહાઁ તક. ☆

તિલાવત કરવું : પઢવું

તઝકીયત : પાકીઝગી

મજમૂઈ : મિલાવીને

આફીયત : તંદુરસ્તી

તાઈદ : મદદ

---

**નાદાન-જાહિલ લોગો દરમિયાન ખામોશી ઈખ્તિયાર કરવી પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

**સાચું બોલવામાં નુકસાન ઉઠાવવું પડતું હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

## મરહબા, મરહબા, મરહબા ફાતેમા

મરહબા, મરહબા, મરહબા ફાતેમા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
લે કે આગૌશ મેં કહતે થે મુસ્તફા,
ધડકને દિલ હે, જાઁ હે મેરી ફાતેમા,
યે હે ઉમ્મે અબીહા યે ખૈરૂન્નિસા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
બસ ગઈ હે ખદીજા કે દિલ મેં ખુશી,
મિલ ગઈ આજ નેઅમત જહાઁ મેં બડી,
નૂર કા ફૂલ ઘર મેં નબી કે ખિલા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
કુલ જહાનોં કે રહેમત બને મુસ્તફા,
ઉનમેં ઝહરા બની રહેમત કિબ્રીયા,
બાબે ખુલ્દે બરીં એક નયા ખુલ ગયા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
અર્શ સે જિબરઈલે અમીં આ ગએ,
આસ્માઁ સે ફરિશ્તોં કે લશ્કર ચલે,
કેહ કે સલ્લે અલા આગએ અંબિયા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
હૂરો ગિલ્માઁ ભી જન્નત સે આને લગે,
ખુલ્દ કી સારી સૌગાત લાને લગે,
મુમિનો કો અતા કરકે સબને કહા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
આયતેં દર પે સજદા-કુના હો ગઈ,
નૂરે ઝહરા કી તાઅરીફ કરને લગી,
સૂરે રહેમાઁ ને ખુશ હો કે દી યે સદા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
દર પે લેને ઝિયા આએ શમ્સો કમર,
કહેતે થે ઝુક કે અપની બિછાકર નઝર,
આપ નૂરે નબી, આપ નૂરૂલ હોદા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા.
અર્શ પર જશ્ને ઝહરા મનાયા ગયા,
ખુલ્દ કો ઔર ઝિયાદા સજાયા ગયા,
બાબે જન્નતસે રિઝવાનને દી સદા,
મરહબા, મરહબા, મરહબા ફાતેમા. ✫

---

**ઘરની ઝિમ્મેદારી વાસ્તે ઘડી-ઘડી બાઝાર જાવું પડતું હોય, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

---

**બુઝુર્ગ વાલેદૈનની હર નાની-નાની હાજિતોને પૂરી કરવી પડે, તે તકલીફની મને કોઈ પરવાહ નથી.**

---

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.